eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 377
November 15, 2014

## માહે ઓકટોબર ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ઓકટોબર ૨૦૧૪ દરમ્યાન ૪૨૯૮ ઈન્ડોર તથા ૩૯૭૫૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૧૯૯૯ તથા ૪૮૩ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૦૨૭૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૭/૧૧/૨૦૧૪ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોન તાબા હેઠળ આવેલ વિસ્તાર નામે મદનપુરા શાકભાજી માર્કેટ થી સંગમ સર્કલ જતા મેઈન રોડ પર પરવાના વગર માંસનું વેચાણ કરતા ઈસમો ઝડપાયા.

આજરોજ તા. ૦૭/૧૧/૨૦૧૪ નાં રોજ સુભાષનગર મેઈનરોડ, મદનપુરા શાકભાજી માર્કેટ થી સંગમ સર્કલ જતાં રસ્તા ઉપર કેટલાક ઈસમો પરવાના વગર મટન–ચીકન નું વેચાણ કરી ત્યાંથી પસાર થતા રાહદારીઓની ધાર્મિક લાગણી દુભાવતા હોવાની અને તેનાથી ત્યાં જાહેર

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગતઃ–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેર શ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૨,રાણી તળાવ,સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં. ૭૯૯ વાળી મિલ્કત

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ અને એન્જીનીરીંગ વિભાગ દ્વારા આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–

સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારોમાં તા.૦૮/૧૧/૧૪ તથા તા.૦૯/૧૧/૧૪ના રોજ મા.કમિશ્નરશ્રીની સુચના તથા ડે.કમિશ્નરશ્રીની સીધી દેખરેખ તથા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૨, રાણી તળાવ, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૭૯૯ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૬/૦૭/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ઝોન વિસ્તારમાં "લોક સંવાદ સેતુ(લોક દરબાર)"

સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારના લોકોના પ્રશ્નો સ્થાનિક કક્ષાએ હલ થાય તે માટે "લોક સંવાદ સેતુ (લોક દરબાર)" યોજવામાં આવનાર છે. જેમાં જે તે ઝોનને લગતા પ્રશ્નો કે જે અગાઉ સક્ષમ રજુઆત કરવામાં આવી હોય અને તેનો નિકાલ ન થયો હોય, તેવા પ્રશ્નો આ લોક દરબારમાં રજુ કરી

વધુ માટે કલીક કરો >>>>>>

## શાળા આરોગ્ય –રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨૦૧૪–૧૫ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ૯,૮૪,૪૭૩ જેટલા બાળકોની સ્વાસ્થ્યની તપાસ કરી વિના મૂલ્યે સારવાર પૂરી પાડશે.

ગુજરાત સરકાર પ્રેરીત શાળા આરોગ્ય–રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ સમગ્ર રાજય સહિત સુરત શહેરની શાળાઓમાં આગામી તા. ૧૩/૧૧/૨૦૧૪ થીતા. ૧૦/૧૧/૨૦૧૫ દરમ્યાન અમલમાં આવનાર છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિસ્તારની તમામ આંગણવાડીઓ, ધો. ૧

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

આરોગ્ય વિભાગ દ્વારા ૨૩૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૧૫૦/–વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૯૬૮ ઘરોનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–

ઉપરોકત સંદર્ભે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૧/૧૧/૧૪ના રોજ વોર્ડ વિસ્તારમાંથી બિલ્ડીગ મટીયલ્સ, ડેબ્રીસ, માટી મિશ્રિત કચરોના ઢગલા ઉપાડવાની કામગીરી નર્મદનગર, આદર્શ સાસા, મેઘધૂત સોસા, પ્રકાશ સોસા.,સર્જન સોસા, મસ્કતી

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા) ઝોન ઉમરવાડા વિસ્તારમાં લંબેહનુમાન રોડ પર આવેલ નરસિંહ મંદિરની ચાલ વસાહતમાં ડિમોલીશનની કામગીરી.

ટી.પી.સ્કીમ નં ૮(ઉમરવાડા) ના પોલિસ ચોકીના હેતુ માટેના રીઝર્વેશન ફા. પ્લોટ નં. ૧ તથા તેને લાગુ ૧૦.૦૦ મી. ના ટી.પી. રોડ પર આવેલ નરસિંહ મંદિરના નામે ઓળખાતી વસાહતીઓને વૈકલ્પિક વ્યવસ્થા ફાળવવી / શીફટ કરીને આશરે ૧૩(તેર) જેટલા ઝુંપડાઓ તથા આશરે ૧૦(દસ) જેટલી દુકાનો

વધુ માટે કલીક કરો >>>>>>

## રાજીવ ગાંધી ખેલ અભિયાન અને ખેલ મહાકુંભ–૨૦૧૪ રાજય કક્ષાની બહેનો માટેની વોલીબોલ સ્પર્ધા

રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરિત સુરત મહાનગરપાલિકાના અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ ૨૦૧૪"નું આયોજન તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ છે. રાજય

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)માં કરેલ ડિમોલીશન/કબજા મેળવવાની કામગીરી.

ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) શકિત વિજય સોસાયટીમાંથી પસાર થતા ૩૦.૦૦ મી. ના નહેરવાળા ટી.પી.રસ્તા પર મકાનો/ ઝુપડા અસર હેઠળ આવે છે.જે પૈકીના ૨૫ જેટલા ઝુંપડાઓને વૈકલ્પિક આવાસો ફાળવી/શીફટ કરી આશરે કુલ ૨૫૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–

ઉપરોકત સંદર્ભે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૨/૧૧/૧૪ના રોજ વોર્ડ વિસ્તારમાંથી બિલ્ડીગ મટીયલ્સ, ડેબ્રીસ, માટી મિશ્રિત કચરોના ઢગલા ઉપાડવાની કામગીરી ત્રિભોવન બી. ઝવેરી, પાંડવ બંગલાની સામે, નર્મદનગર,જીવન વિકાસ સોસા, ચોખાવાલા

વધુ માટે કલીક કરો >>>>>>

## "શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૯,૮૪,૪૭૩ જેટલા બાળકોની આરોગ્ય તપાસણીનો ઉદ્વાટન સમારોહ"

રાજય સરકાર અને ભારત સરકાર દ્વારા સંયુકત રીતે પ્રેરીત શાળા આરોગ્ય–રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨૦૧૪–૧૫ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૩.૧૧.૨૦૧૪ થી તા.૧૦.૦૧.૨૦૧૫ દરમ્યાન સુરત શહેરની તમામ આંગણવાડીઓ, બાલવાડીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર – નવાગામ) તથા ટી.પી.સ્કીમ નં.૨૦ (નાનાવરાછા– કપાદ્રા) ડમોલીશન/કબજા મેળવવાની કામગીરી.

ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર – નવાગામ), માં સુરત મહાનગરપાલિકાની માલિકીનાં ફા.પ્લોટ નં.૧૩૬/એ પૈકીમાં જાડા બાવાના નામે ઉભી થયેલ વર્ષો જુની વસાહતને વૈકલ્પિક આવાસો ફાળવી તેઓનું સ્થળાંતર કરાવી, ડિમોલીશન કરીને આશરે– ૧૩૦૦ ચો.ફુટ વિસ્તારનો કબજો

વધુ માટે કલીક કરો >>>>>>

૬૬૭

**પ્રેસનોટ**

**માહે ઓકટોબર ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ**

સ્મીમેર હોસ્પીટલમાં માહે ઓકટોબર ૨૦૧૪ દરમ્યાન ૪૨૯૮ ઈન્ડોર તથા ૩૯૭૫૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૧૯૯૯ તથા ૪૮૩ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૦૨૭૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૪૮૫ અને જુના ૨૦૩૧ દર્દીઓ સહીત કુલ ૨૫૧૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ૧૧૫૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ૭૯૫ તથા આંખ વિભાગમાં ૨૩૭૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૫૦૬૨ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદી



શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૭/૧૧/૨૦૧૪ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર), અલથાણ ટેનામેન્ટ થી સુયોગનગર સોસાયટી તરફ જતાં ૧૫.૦૦ મી.ના ટી.પી.રોડ ઉપર રત્નદીપ સોસાયટીને લાગુ આશરે ૫૦૦૦ ચો.ફુટ ટી.પી.રસ્તાનો કબજો લઈ મેટલ ગ્રાઉટીંગ કરી રસ્તો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ રસ્તો ખુલ્લો થવાથી અલથાણ ટેનામેન્ટ તથા તેની આજુબાજુની સોસાયટીઓનાં રહીશોને વાહનવ્યવહારમાં સગવડતા રહેશે.

ઉપરોકત કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા રસ્તા વિભાગ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૫/૧૧/૨૦૧૪ તેમજ તા.૦૬/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૮૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૧૦૦/— વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૦૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૫૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૨ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા.૫૪,૬૮,૫૩૪/—** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૧,૨૫,૬૪૦/—** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૨૩૩ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા. ૩,૩૭,૭૬૯/—** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૧,૪૫,૨૬૪/—** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસ નોટ

**લિંબાયત ઝોન તાબા હેઠળ આવેલ વિસ્તાર નામે મદનપુરા શાકભાજી માર્કેટ થી સંગમ સર્કલ જતા મેઈન રોડ પર પરવાના વગર માંસનું વેચાણ કરતા ઈસમો ઝડપાયા.**

આજરોજ તા. ૦૭/૧૧/૨૦૧૪ નાં રોજ સુભાષનગર મેઈનરોડ, મદનપુરા શાકભાજી માર્કેટ થી સંગમ સર્કલ જતાં રસ્તા ઉપર કેટલાક ઈસમો પરવાના વગર મટન–ચીકન નું વેચાણ કરી ત્યાંથી પસાર થતા રાહદારીઓની ધાર્મિક લાગણી દુભાવતા હોવાની અને તેનાથી ત્યાં જાહેર ગંદકીનું ઉપદ્રવ હોવાની ફરીયાદ મા. કમિશ્નર સાહેબને મળતા અને તે બાબતે યોગ્ય કાર્યવાહી કરવા માર્કેટ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીને આદેશ આપતા માર્કેટ ખાતાએ તાબડતોબ પોલીસ કંટ્રોલનો સંપર્ક સાધી લિંબાયત પોલીસ સ્ટેશનનાં પોલીસ સ્ટાફનો સાથ–સહકાર મેળવી ઉકત સ્થળે દરોડા પાડવાની કાર્યવાહી હાથ ધરેલ. દરોડાની કાર્યવાહી થતાં આ ધંધામાં સંડોવાયેલ ઈસમો ધંધાને સ્થળેથી તેમનો માલ – સામાન દુકાનમાં ખુલ્લો મુકી પલાયન થઈ ગયેલ જેનાં મુદ્દા – માલ, સાધન – સામગ્રી જેવાં કે, ત્રાજવા, લાકડાના ઢીમચા, છરા–ચપ્પુ, લાકડાના પાટલા, પતરાની ટ્રે અને ચામડાઓ તથા મટન અને ચીકન માર્કેટ ખાતાએ જપ્ત કરેલ. પૈકી પાંચ ઈસમો કે જેઓ પાસે મહાનગરપાલિકાનું ચીકન વેચાણ કરવાનો પરવાનો ધરાવતા હતા તેઓને દુકાન અને દુકાનની આજુબાજુ ગંદકી ફેલાવવા બદલ તેમજ લાયસન્સની શરતો અને બોલીઓનું પાલન કરવામાં ચુક કરવા બદલ સ્થળ ઉપર તમામ ને વહીવટી ચાર્જ ફટકારવામાં આવેલ તેમજ ભવિષ્યમાં ત્યાં ગંદકી ન કરવાની હિદાયત આપવામાં આવેલ. તે ઉપરાંત ઉકત સ્થળે પરવાના વગર ઘેટા – બકરાનાં માંસનું વેચાણ કરતા ઈસમો નામે (૧) ગરીબ નવાઝ ચીકન સેન્ટર (સલામ મહેબુબ ખાટીક) (૨) હારુન મહેબુબ ખાટીક કે જેઓ પોતાની દુકાન છોડી રફુચક્કર થઈ ગયેલ તેઓના આજુબાજુના રહીશોથી નામ – સરનામુ મેળવી લિંબાયત પોલીસ સ્ટેશનમાં તેઓ સામે સઘળી કાયદેસરની કાર્યવાહી કરવા ફરીયાદ આપવામાં આવેલ અને આ ઈસમોની દુકાનને તાળા મારી ચાવી માર્કેટ ખાતાના કબજામાં લેવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગતઃ–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેર શ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૨,રાણી તળાવ,સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં. ૭૯૯ વાળી મિલ્કત માં અત્રેથી તા. ૨૬/૦૭/૨૦૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ,જે અન્વયે મિલ્કતના હિત ધરાવનાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતાં ત્રીજા માળનું આશરે ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી.સ્લેબ તથા ચોથા માળનાં આર.સી.સી. કોલમો સહિતનું બાંધકામ તા.૦૭/૧૧/૨૦૧૪ ના રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે. સ્થળ પર મિલ્કતદારો તરફ થી ઉગ્ર રજુઆતો થતાં શાંતિ સુલેહનો ભંગ ન થાય તે માટે ઈમજન્સી કોલ કરી પોલીસ બંદોબસ્ત મંગાવવામાં આવેલ.

TOP

## પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ અને એન્જીનીરીંગ વિભાગ દ્વારા આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–**

સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારોમાં તા.૦૮/૧૧/૧૪ તથા તા.૦૯/૧૧/૧૪ના રોજ મા.કમિશ્નરશ્રીની સુચના તથા ડે.કમિશ્નરશ્રીની સીધી દેખરેખ તથા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી તરફથી સંયુકતપણે એન્જીનીયરીંગ વિભાગ તથા આરોગ્ય વિભાગ દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

**એન્જીનીયરીંગ વિભાગ :–**

(૧) સુરત શહેર સ્થિત એરપોર્ટની આસપાસના વિસ્તારોમાં આવેલ પશુપાલકોના તબેલા ધારકોનું અઠવા ઝોન દ્વારા ચકાસણી કરી મોજેઃ ગવિયર, સર્વે નં. ૧૮૦ વાળી જગ્યામાં આવેલ ઢોરોના તબેલા ધારકો શ્રી કાનજીભાઈ સોમાભાઈ રબારી (કબ્જેદારશ્રી બાબુભાઈ સોમાભાઈ રબારી) તથા શ્રી વાઘુભાઈ બીજલભાઈ રબારી તેમજ મોજે : ડુમસ, સર્વે નં. ૪૧૫, કુવાડવા રોડ ખાતે આવેલ ઢોરોના તબેલા ધારકશ્રી ચેલાભાઈ ભગવાનભાઈ (કબ્જેદારશ્રી ડાહયાભાઈ ચેલાભાઈ દેસાઈ) તરફથી બાંધવામાં આવેલ તબેલાંઓને ધી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ ૨૬૦ (૧) /(અ) મુજબની નોટીસ પાઠવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તથા અઠવા ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા પણ સદર વિસ્તારમાં આવેલ તમામ તબેલા ધારકોને છાણ, મૂત્ર તથા સફાઈ સંદર્ભે આરોગ્ય વિષયક નોટીસ પાઠવવામાં આવેલ છે.

(૨) સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના દબાણ વિભાગ તથા શહેર વિકાસ વિભાગ તરફથી સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનમાં આવેલ જાની ફરસાણ માર્ટ થી અશોક પાન સેન્ટર ચાર રસ્તા તરફ જતા સીટીલાઈટ રોડની જમણી તરફના ભાગમાં આવેલ વિવિધ પ્રિમાઈસિસ/ મિલકત્તો જેવી કે, પેટ્રોલ પંપની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટ, એચ.ડી.એફ.સી બેંક વાળી મિલકત્તના માર્જીનમાં આવેલ દાદરની નીચેના ભાગ, શુભ લક્ષ્મી બિલ્ડીંગની બહારના રોડ ઉપર સહિતની જગ્યાઓ પરથી ડેબ્રીસ/ બિલ્ડીંગ મટીરીયલ્સ તથા અંદરના માર્જીનવાળા ભાગમાંથી, ભગવતી આશિષના બિલ્ડીંગના ફ્રન્ટ માર્જીન તથા પાછળના માર્જીનની ખુલ્લી રાખવા જોગ જગ્યા પર ચાલતી કોર્મશીયલ પ્રવૃત્તિ અન્વયેની ખાદ્ય પદાર્થોની લારીઓ, પાનના ગલ્લાઓ, ફુટની લારીઓ વિગેરે લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ જેમાં ખુલ્લી લારી નંગ–૦૯, બંધ લારી નંગ–૦૩, કાઉન્ટર નંગ–૦૪, અન્ય સામાન નંગ–૦૮ મળી કુલ–૨૪ લારીઓ જપ્ત કરવામાં આવેલ તથા સ્થળ પર રૂા. ૨૬૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. તેમજ સીટીલાઈટ રોડ પર રસ્તા તથા ફુટપાથવાળા ભાગ પરથી બીન અધિકૃત પ્રાઈવેટ માલિકીની જાહેરાતના એડવટાઈઝ બોર્ડ અંદાજીત નંગ–૫૦ દુર કરવામાં આવેલ છે. તેમજ સરગમ શોપીંગ સેન્ટર સામે બ્રીજની નીચેનું દબાણ દુર કરેલ છે.

**આરોગ્ય વિભાગ :–**

સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના સીટીલાઈટ વોર્ડ વિસ્તારમાં આવેલ નીચે મુજબની વિગતે આરોગ્ય વિષયક કામગીરી હાથ ધરવામાં આવેલ.

–આલીશાન એપાર્ટમેન્ટની અંદર નાંખવામાં આવેલ બિલ્ડીગ મટીરીયલ્સ તથા ડેબ્રીસના ઢગલાંઓનો નિકાલ.

– હિમસન બંગલા પાસે રોડ પરથી બે ટ્રક રેતીના ઢગલાંઓનો નિકાલ.

– સાયન્સ સેન્ટર સામે દબાણ વિભાગ દ્વારા લારીઓ ઉંચકાયા બાદ ઘનિષ્ઠ સફાઈ.

– સીટીલાઈટ શાકભાજી માર્કેટની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટની જે.સી.બી. મશીન દ્વારા સફાઈ કરી કચરો માટી મિશ્રિત કચરાનો નિકાલ.

– એસ્કોન સીટી શોપીંગ સેન્ટરમાં બિલ્ડીગ મટીરીયલ્સ, ડેબ્રીસ, ગંદકીના ઢગલાંઓનો નિકાલ.

– ધરમ પેલેસમાંથી ડેબ્રીસ, કચરાનો નિકાલ.

– સુરત કો.ઓ.બેંકના અંદરનો ડેબ્રીસનો નિકાલ.

ઉપરોકત પ્રિમાઈસિસ સહિત કુલ–૨૫ જેટલી સંસ્થાને નોટીસ પાઠવી કાયદેસરની કાર્યવાહી હાથ ઘરવામાં આવેલ છે. વઘુમાં સદર વિસ્તારોમાં લોક જાગૃતિ માટે ગંદકી ન કરવા તેમજ સાફ–સફાઈ સંદર્ભે પ્રચારગાડી મારફત સુચનાઓ પણ આપવામાં આવેલ છે.

TOP

૬૭૩

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૭/૧૧/૨૦૧૪ થી તા.૦૯/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૬૮૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૭૨૫૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૦૯૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૨ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા.૪૬,૫૫,૯૦૪/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૩,૩૯,૮૫૦/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૨૯ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા. ૧૭,૪૭,૪૭૬/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૬૨,૨૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

૬૭૪

# પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૨, રાણી તળાવ, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૭૯૯ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૬/૦૭/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતાં ત્રીજા માળનું આશરે ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ તથા ચોથા માળનાં આર.સી.સી. કોલમો સહિતનું બાંધકામ તા.૦૭/૧૧/૧૪ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. સ્થળ પર મિલ્કતદારો તરફથી ઉગ્ર રજુઆતો થતાં શાંતિ સુલેહનો ભંગ ન થાય તે માટે ઈમજન્સી કોલ કરી પોલીસ બંદોબસ્ત મંગાવવામાં આવેલ.

TOP

**પ્રેસનોટ**

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના ઓરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા 'મહાત્મા ગાંધી સ્વચ્છા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબાર યાદી :–**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ ધ્વારા તથા સ્થાનિક મ્યુ.કોર્પોરેટરશ્રીના સહયોગથી સખત અસરકારક કામગીરી ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન વેસુ વોર્ડ વિસ્તાર તથા પનાસ વોર્ડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા. ૧૦/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૬૦ સુપરવાઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૫૮ સફાઈ કામદારો,૩૦ લોકસેવા બેલદાર,ડ્રેનેજ વિભાગના ૧૦ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૧૮ ઈસમો પાસેથી રૂા.૧૦,૯૦૦/– વહીવટી વસુલાત કરવામાં આવેલ.૦૬ ઈસમોને બિલ્ડીગ મટીયલ્સ તથા ડેબ્રીસના ઢગલા સંદર્ભે નોટીસ પાઠવવામાં આવેલ.૦૨ ટ્રક રેતી જપ્ત કરવામાં આવેલ છે.તેમજ આકારણી વિભાગ દ્વારા રૂા.૪,૮૭,૫૨૫/– તથા ૨,૦૦,૦૦૦/– એડવાન્સ ચેક વેરા વસુલાત લેવામાં આવેલ.સદર કાર્યક્રમમાં રસ્તા વિભાગ ,ડ્રેનેજ વિભાગ,ગેમાસ્તા વિભાગ,વી.બી.ડી.સી. વિભાગ,ગાર્ડન વિભાગ,લાઈટ વિભાગને લાગતી કામગીરી પણ કરાવવામાં આવેલ છે.

**TOP**

પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા ઝોન વિસ્તારમાં "લોક સંવાદ સેતુ(લોક દરબાર)"**

સુરત મહાનગરપાલિકાના  તમામ ઝોન વિસ્તારના લોકોના પ્રશ્નો સ્થાનિક કક્ષાએ હલ થાય તે માટે "લોક સંવાદ સેતુ (લોક દરબાર)" યોજવામાં આવનાર છે. જેમાં  જે  તે ઝોનને લગતા પ્રશ્નો કે જે અગાઉ સક્ષમ રજુઆત કરવામાં આવી હોય અને તેનો નિકાલ ન થયો હોય, તેવા પ્રશ્નો આ લોક દરબારમાં રજુ કરી શકાય છે. જયારે આવા  પ્રશ્નો દશાવતી અરજી કરવામાં આવે ત્યારે તે અરજી ઉપર "લોક સંવાદ સેતુ (લોક દરબાર)" જે તે ઝોનનું નામ વિગેરે માહિતી અવશ્ય દર્શાવવાની રહેશે.આવી અરજી તા.૧૨/૧૧/૨૦૧૪ સુધીમા જે તે ઝોન ઓફિસ ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા ટપાલ થી પહોંચાડવાની છે.સદર હુ લોક દરબારમાં સેવા વિષયક કોર્ટમાં પડતરહોય તેવી બાબતો જમીન મિલકત સંબંધી દાવાઓ,દિવાની મહેસુલી કોર્ટમાં પડતર હોય તેવી બાબતો, કર્મચારીઓને તથા વહીવટી બાબતોને લગતી રજુઆતો કરવા આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

**TOP**

# **પ્રેસનોટ**

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ ટી. પી. સ્કીમ નં.૧૦(પાલ), ફા.પ્લોટ નં.૧૪૦ માં આવેલ સોનલ સોસાયટીમાં સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની પરવાનગી લીધા વગરનું બીજા માળનું આશરે ૫૫૦.૦૦ ચો.ફૂટ સેન્ટરીંગ વર્ક દૂર કરી તાત્કાલીક અસરથી બાંધકામ અટકાવવામાં આવેલ છે.

તેમજ ટી.પી.સ્કીમ નં.૦૮(પાલનપોર), ફા.પ્લોટ નં.૪૨માં આવેલ ગોપાલ પાર્ક સોસાયટીમાં સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની પરવાનગી લીધા વગરનું પહેલા માળનું આશરે ૧૫૭૫.૦૦ ચો.ફૂટ જી.આઈ. પતરાં સાથેનું ફેબ્રિકેશન વર્ક દૂર કરી કરવામાં આવેલ છે.

તેમજ ટી.પી.સ્કીમ નં.૦૮(પાલનપોર), ફા.પ્લોટ નં.૧૨૬માં આવેલ ગાર્ડનના હેતુ માટેની સુરત મહાનગરપાલિકાની જગ્યામાં આવેલ ૧૦(દસ) જેટલા કાચા–પાકા ઝુંપડાઓ દૂર કરી રીઝર્વેશન પ્લોટ દબાણ મુકત કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઈ.ચા. એડી. સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર) ના શહેર વિકાસ ખાતાના સ્ટાફ ધ્વારા સફળતા પૂવર્ક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

**<u>પ્રેસનોટ</u>**

**<u>શાળા આરોગ્ય –રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨૦૧૪–૧૫ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ૯,૮૪,૪૭૩ જેટલા બાળકોની સ્વાસ્થ્યની તપાસ કરી વિના મૂલ્યે સારવાર પૂરી પાડશે.</u>**

ગુજરાત સરકાર પ્રેરીત શાળા આરોગ્ય–રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ સમગ્ર રાજય સહિત સુરત શહેરની શાળાઓમાં આગામી તા. ૧૩/૧૧/૨૦૧૪ થીતા. ૧૦/૧૧/૨૦૧૫ દરમ્યાન અમલમાં આવનાર છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિસ્તારની તમામ આંગણવાડીઓ, ધો. ૧ થી ૧૨ સુધીમાં અભ્યાસ કરતા ૧૮ વર્ષની ઉમર સુધીના બાળકો અને પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ, જુવેનાઈલ હોમ, આશ્રમ શાળાઓ કે વિશિષ્ટ પ્રકારના બાળકોને શિક્ષણ આપતી સંસ્થાઓ ઉપરાંત ૧૪ વર્ષની ઉમર સુધીના શાળાએ ન જતા બાળકોની વિનામૂલ્યે આરોગ્ય તપાસ નિદાન અને સારવાર કરવામાં આવશે. બાળકો એ દેશનું ભવિષ્ય છે, આથી તેઓના સ્વાસ્થ્ય સંબધી આ ભગીરથ કાર્ય માટે સુરત મહાનગરપાલિકા દ્વારા કુલ ૧૦૩ આરોગ્યની ટીમો શહેરની ૧૦૦૪, આંગણવાડીઓ, ૧૧૦૧ પ્રાથમિક શાળાઓ, અને ૪૪૪ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઉપરાંત ઉપર જણાવેલ વિષેશ શાળાઓની મુલાકાત લઈ આશરે ૯,૮૪,૪૭૩ જેટલા બાળકોની આરોગ્ય તપાસનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે કુલ ૧૦૩ ટીમો શાળાઓની મુલાકાત લઈ બાળકોની આરોગ્ય તપાસ કરશે, અને સામાન્ય બીમારીઓ માટે સ્થળ ઉપર દવા આપી સારવાર આપવામાં આવશે, જો કોઈ બાળકને વધુ તપાસની જરૂર જણાય તો મહાનગરપાલિકા શહેરી આરોગ્ય કેન્દ્ર કે નિયત સંદર્ભે સેવા કેન્દ્ર ખાતે રીફર કરી સારવાર આપવામાં આવશે, અને આ સંદર્ભસેવા કેન્દ્રના તજજ્ઞ તબીબને ઓપરેશન સહિતની વધુ સારવાર જરૂરી જણાય તો તેઓના અભિપ્રાય અન્વયે આવા બાળકોને હૃદય, કીડની , કેન્સર, કોકલીયર ઈમ્પ્લાન્ટ, કીડની કે લીવર ટ્રાન્સ્પલાંટ અથવા અન્ય સારવાર માટે મંજૂરી આપવાની કાર્યવાહી કરી અમદાવાદ ખાતે સારવાર માટે રાજય સરકાર દ્વારા નિયત હોસ્પિટલમાં રીફર કરવામાં આવશે, જયારે ચશ્માંની જરૂરીયાતવાળા બાળકોને જૂની સિવિલ હોસ્પિટલ ખાતેથી વિના મૂલ્યે ચશ્માં આપવામાં આવશે.

આ કાર્ય માટે સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના ડોકટરોને વિષેશ તાલીમ આપવામાં આવેલ છે, આ ઉપરાંત સ્મીમેર મેડીકલ કોલેજના અને શહેરી આરોગ્ય કેન્દ્રના અનુભવી તબીબોની સેવાનો લાભ આ કાર્ય માટે લેવામાં આવશે. આથી આપના બાળકની તપાસણી માટે મહાનગરપાલિકાની ટીમ જયારે શાળાએ આવે ત્યારે સાથ સહકાર આપી આ કાર્યમાં સહભાગી થવા તમામ વાલીઓને આગ્રહ પૂર્વક અપીલ કરવામાં આવે છે, આપના બાળકને જો કોઈપણ પ્રકારની સ્વાસ્થ્ય સંબંધી તકલીફ હોય તો તેની આગોતરી જાણ શાળાના શિક્ષકને કરવા જણાવવામાં આવે છે, જેથી લક્ષણો ઉપરથી ત્વરીત નિદાન કરી ઝડપી સારવાર થકી બીમારીને વધતી અટકાવી શકાય, અને તંદુરસ્ત બાળ દ્વારા આરોગ્યપ્રદ દેશનું નિર્માણ કરી શકાય. સેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા શાળાના આચાર્યશ્રોઓ, શિક્ષકો, બાળકોના વાલીઓ, સ્વૈચ્છીક સંસ્થાઓ, વિવિધ મેડીકલ એસોસીએશનના તબીબ મિત્રો, પ્રેસ મિડીયાના મિત્રો અને જાહેર જનતાને સુરત મહાનગરપાલિકા દ્વારા હાર્દિક અપલ કરવામાં આવે છે.

**TOP**

# પ્રેસનોટ
## નોર્થ ઝોન(કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૩૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૧૫૦/–વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૯૬૮ ઘરોનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવી

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૫૭,૧૭,૩૫૩/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂ.૪,૦૭,૩૦૧/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૨૫ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૬,૨૬,૨૨૩/– ની વસુલાત કરવામાં આવેલ છે.EWS આવાસમાંથી રૂા.૧,૪૫,૮૯૩/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા૧૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–</u>**

ઉપરોકત સંદર્ભે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૧/૧૧/૧૪ના રોજ વોર્ડ વિસ્તારમાંથી બિલ્ડીગ મટીયલ્સ, ડેબ્રીસ, માટી મિશ્રિત કચરોના ઢગલા ઉપાડવાની કામગીરી નર્મદનગર, આદર્શ સાસા, મેધધૂત સોસા, પ્રકાશ સોસા.,સર્જન સોસા, મસ્કતી વિભાગ–ર, અલથાણ ટેનામેન્ટ, અલથાણ માર્કેટ રોડ અલથાણ ટેનામેન્ટ, અલથાણ માર્કેટ રોડ, અશોકા ટાવર, રૂપાલીનહેર, અંબાનગર મેઈન રોડ,સારૂનગર મેઈન રોડ, રાયન સ્કુલની સામેનું મેદાન, ન્યુ સીટીલાઈટ રોડ, ઉધના–મગદલ્લા રોડલ સોમેશ્વરા એન્કલેવ રોડ, કિશોર પાર્ક, ન્યુ લાઈફ હોસ્પિ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, શ્રી દર્શન સોસાયટીમાં કરવામાં આવેલ જે અન્વયે ૩૫ ઢગલાંઓનો નિકાલ કરવાં આવેલ ૨૯ નોટીસ પાઠવવામાં આવેલ તેમજ રૂા. ૭,૩૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

કિશોર પાર્ક, ન્યુ લાઈફ હોસ્પિ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, શ્રી દર્શન સોસા.

TOP

પૂવઝોન (વરાછા) ની અખબારી યાદી

**પૂર્વ(વરાછા) ઝોન ઉમરવાડા વિસ્તારમાં લંબેહનુમાન રોડ પર આવેલ નરસિંહ મંદિરની ચાલ વસાહતમાં ડિમોલીશનની કામગીરી.**

ટી.પી.સ્કીમ નં ૮(ઉમરવાડા) ના પોલિસ ચોકીના હેતુ માટેના રીઝર્વેશન ફા. પ્લોટ નં. ૧ તથા તેને લાગુ ૧૦.૦૦ મી. ના ટી.પી. રોડ પર આવેલ નરસિંહ મંદિરના નામે ઓળખાતી વસાહતીઓને વૈકલ્પિક વ્યવસ્થા ફાળવવી / શીફટ કરીને આશરે ૧૩(તેર) જેટલા ઝુંપડાઓ તથા આશરે ૧૦(દસ) જેટલી દુકાનોનું આજરોજ ડિમોલીશન કરવામાં આવેલ છે અને રીજર્વેશન તથા રસ્તા પૈકીની આશરે ૬૦૦.૦૦ ચો.મી. જેટલી જગ્યા ખુલ્લી કરી કબજો મેળવવામાં આવેલ છે.

ઉકત કામગીરી અત્રેના પુર્વ (વરાછા) ઝોનના ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણ ખાતાનો સ્ટાફ,સીકયોરીટી સ્ટાફ તથા પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

**તા.૦૩.૧૧.૨૦૧૪ થી તા.૦૯.૧૧.૨૦૪ સુધીમાં** સાઉથઝોન(ઉધના) ના **ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા** એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૮૮૦ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ **૩૫૫** ફાઈલના **રૂા.૨૪.૯૭ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૪૨ લો**કેશન(ખાડા)**૨૨૪૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૩૯.૫૩૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૪૪** લોકેશન (ખાડા) **૧૧૧૦.૦૦ ર.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–**૫૮** લોકેશન **૧૪૪૨૫.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,**કુલ**–**૭૯** વરસાદી જાળિયા સફાઈ તથા **૪૧** મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૧૫** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ, ટી.પી.૪૮(ભેસ્તાન) ફા. પ્લોટ નં.૮૨ ગાર્ડન રીઝર્વેશન પ્લોટ ૨૩૫૦ ચો.ફુટ બાંધકામ દૂર કરવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા :૮૫ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૨૫૮** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૯૧.૦૩** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭.૮૭** લાખ થયેલ છે.,**૨૨** EC તથા **૧૨** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩૯૦૭/**– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૮૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.,**૧૦૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૨૭૩૩** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૭૮૫** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૧૪૦.૮૭** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૧૮૭** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૧૫,૨૦૦/**–છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૫૮૩૫૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૧૩૧૦૮૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૩૭૭** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૪૪૮૨** કરવામાં આવેલ છે. જયારે **૧૨૫** નોટીસ આપવામાં આવેલ છે. વહીવટી ખર્ચઃ **રૂા.૭૪,૦૦/**– વસુલ કરવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# •સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૧/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૩૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૮૨૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૧૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા. ૩૬,૫૭,૮૮૧/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૪,૪૬,૩૪૦/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૨૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૧૫,૮૮,૧૦૮/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૮૭,૪૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

# ખેલ મહાકુંભ–૨૦૧૪

## રાજીવ ગાંધી ખેલ અભિયાન અને ખેલ મહાકુંભ–૨૦૧૪
## રાજય કક્ષાની બહેનો માટેની વોલીબોલ સ્પર્ધા





રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરિત સુરત મહાનગરપાલિકાના અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૪''નું આયોજન તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ છે. રાજય કક્ષાની સેમીફાઈનલ સ્પર્ધાઓ પૈકી વોલીબોલ અને તરણની સ્પર્ધા અત્રે સુરત ખાતે યોજાઈ રહી છે. રાજીવ ગાંધી ખેલ અભિયાન રાજય કક્ષાની બહેનો માટેની અંડર–૧૬ વોલીબોલની સ્પર્ધા તા.૧૨/૧૦/૨૦૧૪ થી તા.૧૪/૧૦/૨૦૧૪ દરમ્યાન અને ખેલમહાકુંભ–૨૦૧૪ની અંડર–૧૩ બહેનોની સ્પર્ધા તા.૧૪/૧૧/૨૦૧૪ થી તા.૧૬/૧૧/૨૦૧૪ તથા અબાઉ–૧૬ બહેનોની સ્પર્ધા તા.૧૭/૧૧/૨૦૧૪ થી તા.૧૯/૧૧/૨૦૧૪ દરમ્યાન ચં.ચી.મહેતા પ્રાથમિક શાળા નં.૮,૯, મજુરાગેટ, સુરત ખાતે યોજાનાર છે. જેનો ઉદઘાટન સમારોહ તા.૧૨/૧૧/૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ચં.ચી.મહેતા પ્રાથમિક શાળા નં.૮,૯, મજુરાગેટ, સુરત ખાતે યોજાયો હતો.

સમારોહની શરૂઆતમાં ઉપસ્થિત મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા અને શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી વિરેન્દ્રભાઈ પટેલએ ઉપસ્થિત સર્વેને આવકાર્યા હતા. દાહોદ અને જામનગરની અંડર–૧૬ બહેનોની ટીમના પરિચય બાદ મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ બન્ને ટીમના કેપ્ટન વચ્ચે ટોસ ઉછાળી રમતનો શુભારંભ કરાવ્યો હતો. વોલીબોલની આ સ્પર્ધામાં ગુજરાત રાજયના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકાની વિવિધ ટીમો ભાગ લઈ રહી છે.

વધુમાં સુરત ખાતે તરણની સેમી ફાઈનલ અને ફાઈનલ સ્પર્ધાઓ તા.૧૭/૧૧/૨૦૧૪ થી તા.૨૦/૧૧/૨૦૧૪ તરણની સ્પર્ધા વીર સાવરકર તરણકુંડ ખાતે યોજાનાર છે. શહેરની રમતપ્રેમી જાહેર જનતાને આ સર્વે રમતો નિહાળી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

TOP

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

## ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)માં કરેલ ડિમોલીશન/કબજા મેળવવાની કામગીરી.

ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) શકિત વિજય સોસાયટીમાંથી પસાર થતા ૩૦.૦૦ મી. ના નહેરવાળા ટી.પી.રસ્તા પર મકાનો/ ઝુપડા  અસર હેઠળ આવે છે.જે પૈકીના ૨૫ જેટલા ઝુંપડાઓને વૈકલ્પિક આવાસો ફાળવી/શીફટ કરી આશરે કુલ ૨૫૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે તેમજ ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) માં ટી.આર. મુજબના અનામત પ્લોટ નં. આર–૩(યુટીલીટી સેન્ટર) નો આશરે ૩૮૦૦.ચો.ફુટ તથા તેને લાગુ ટી.પી. રોડનો આશરે ૨૪૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારનો કાચા/પાકા મકાનો તેમજ કંપાઉન્ડ વોલ તોડી કબજો મેળવેલ છે.

ઉપરોકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોનના ઝોનલચીફશ્રી તથા કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના કર્મચારી તથા  દબાણ ખાતાના સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ દ્વારા શાંતિપૂર્વક  પાર પાડવામાં આવેલ છે.

TOP

# –:: પ્રેસનોટ ::–

સુરત મહાનગરપાલિકા વિસ્તારના ટી.પી. સ્કીમ નં.: ૫૩ (મગોબ–ડુંભાલ) ફા. પ્લોટ નં.: ૩૮ વાળી મિલ્કતમાં તા.૧૬/૦૪/૨૦૧૦ ના ટીડીઓ/ડીપી નં.:૧૭ થી બેઝમેન્ટ (પાર્કિંગ), ગ્રા. ફલોર (પાર્કિંગ+કોમર્શીયલ) તથા ૧૨ માળના "શુભમ રેસીડેન્સી" તરીકે ઓળખાતી હાઈરાઈઝ બિલ્ડીંગના બાંધકામના પ્લાન મંજુર કરવામાં આવેલ. જે મંજુર પ્લાન મુજબના બીજા માળના ફલોર લેવલે ઓપન ટેરેસવાળા ભાગમાં અંદાજે ૨૯,૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં લોખંડના એંગલનું તથા પતરાનું બિનઅધિકૃત બાંધકામ શુભમ રેસીડેન્સીના ફલેટ હોલ્ડર નં.: ૨૦૧ બહાદુરસિંહ એન. મીના, ફલેટ હોલ્ડર નં.: ૨૦૨ પંકજકુમાર ધરમચંદ શાહ તથા ફલેટ હોલ્ડર નં.: ૨૦૩ હિતેશ માલારામજી પુરોહિતે શરૂ કરેલ, જે બિનઅધિકૃત બાંધકામ આજ રોજ એડી. સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ નગર નિયોજકશ્રીના માર્ગદર્શન મુજબ ફલેટ હોલ્ડરો મારફત સ્વ ખર્ચે સ્વૈચ્છિક રીતે દુર કરાવવામાં આવેલ છે.






TOP

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–**

ઉપરોકત સંદર્ભે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૨/૧૧/૧૪ના રોજ વોર્ડ વિસ્તારમાંથી બિલ્ડીગ મટીયલ્સ, ડેબ્રીસ, માટી મિશ્રિત કચરોના ઢગલા ઉપાડવાની કામગીરી ત્રિભોવન બી. ઝવેરી, પાંડવ બંગલાની સામે, નર્મદનગર,જીવન વિકાસ સોસા, ચોખાવાલા કોમ્પ., આદર્શ સોસા, ઓલપાડી મહોલો, નહેરૂનગર, સંજય સોસા., રઘુરામજી રોડ,સત કેવલ સોસા, ઉધના–મગદલ્લા રોડ, હળપતિવાસ,શાંતિ પેલેસ, આર.ડી.પાર્ક, નારાયણનગર, ઉમાભવન રોડ, સર્વોદય સોસા.,પત્થર વાળી શેરી, સોમનાથ સોસા, ગોકુલનગર, કે.એન.પાર્ક, યોગીકુપા સોસ રત્ન આસ્થા એપાર્ટ., ધરડા ઘર રોડ., ચંન્દ્રમણી સોસા, નેવિલ પાર્ક, હેગડેવાર વસાહત, મુનલાઈટ રોડ, સોમશ્વરા પાસે,સરેલા વાડી, પાર્લે પોઈન્ટ, કરીમાબાદ સોસા માં કરવામાં આવેલ જે અન્વયે ૩૯ ઢગલાંઓનો નિકાલ કરવાં આવેલ ૩૧ નોટીસ પાઠવવામાં આવેલ તેમજ રૂા. ૫,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.
કિશોર પાર્ક, ન્યુ લાઈફ હોસ્પિ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, શ્રી દર્શન સોસા.

TOP

## સુરત મહાનગરપાલિકા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદી



શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૨/૧૧/૨૦૧૪ અને તા.૧૩/૧૧/૧૪ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૬૫ (વેસુ–ભરથાણા–અલથાણ), બ્લોક નં.૯૮/પૈકી, ઓ.પી.નં.૩૭ આર–૧૩ (નોડલ સેન્ટર)ના રીઝર્વેશન હેતુવાળી મિલ્કતમાં ઉધના–મગદલ્લા રોડ પર એવર સાઈન માર્બલની કમ્પાઉન્ડ વોલનું બાંધકામ દૂર કરી આશરે ૨૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારની જગ્યાનો કબજો ૬૦.૦૦ મી. ના ટી.પી.રોડ અન્વયે મેળવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૧(વેસુ), ફા.પ્લોટ નં.૪૩,૪૪ પૈકી, સબ પ્લોટ નં.૨ વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ માર્જીનવાળા ભાગમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ મિલ્કતદારો પાસે રૂા.૫૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૩) પ્રિ.ટી.પી.સ્કીમ નં.૩ (રૂંઢ) ફા.પ્લોટ નં.૭૪ (પબ્લીક યુટીલીટી)નો ૫૮૫૧૨.૮૮ ચો.ફુટનો રીઝર્વેશનનો કબ્જો મેળવેલ છે.

(૪) પ્રિ.ટી.પી.સ્કીમ નં.૩ (રૂંઢ) ફા.પ્લોટ નં.૭૪ અને ફા.પ્લોટ નં.૨૪ વચ્ચેથી પસાર થતો ૯.૦૦ મી.નો રોડનો આશરે ૯૮૦૦ ચો.ફુટનો ટી.પી.રસ્તાનો કબ્જો લઈ રીઝર્વેશનની ફરતે ફેન્સીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા રસ્તા વિભાગ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

૬૮૯

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૧૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૯૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૭ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા. ૩૨,૨૨,૮૦૦/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૪,૨૮,૬૬૦/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૨૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૧૩,૬૪,૧૫૧/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૧,૦૧,૦૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

૬૯૦ **પ્રેસનોટ**

**''શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૯,૮૪,૪૭૩ જેટલા બાળકોની આરોગ્ય તપાસણીનો ઉદ્ઘાટન સમારોહ''**

રાજય સરકાર અને ભારત સરકાર દ્વારા સંયુકત રીતે પ્રેરીત શાળા આરોગ્ય–રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨૦૧૪–૧૫ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૧૩.૧૧.૨૦૧૪ થી તા.૧૦.૦૧.૨૦૧૫** દરમ્યાન સુરત શહેરની તમામ આંગણવાડીઓ, બાલવાડીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ શાળાઓ તેમજ ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ બાળકો તથા પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ, તેમજ જુવેનાઈલ હોમ, અને અન્ય વિશેષ બાળકોને શિક્ષણ આપતી સંસ્થાના ૧૮ વર્ષની ઉમર સુધીના બાળકો તેમજ શાળાએ ન જતા ૧૪ વર્ષની ઉમર સુધીના બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવશે.

આ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ આજ તા.૧૩.૧૧.૨૦૧૪ના રોજ નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની ડો.સર્વપલ્લી રાધા કૃષ્ણન નગર પ્રાથમિક શાળા ક્ર–૮૪, કુષ્ણ કૃંજ સોસાયટી, અડાજણ, ખાતે સવારે ૯.૩૦ કલાકે આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, ઋગ્ણાલય અને વૈદકીય રાહત સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર પાટીલ, મ્યુ.સદસ્યા શ્રીમતી પારુલબેન ભારતી, આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી ડો.હેમંતભાઈ દેસાઈ, આસ.મ્યુન્સિપલ કમિશનરશ્રી આર.પી.પટેલ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.સી.ભટ્ટ, ડો. કે.આઈ.ખત્રી અને ડો.કે.એ.શ્રોફ તથા આરોય વિભાગના અન્ય કર્મચારીઓની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ હતો.

કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શાળા ક્ર–૮૪ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ગીત તથા સ્વાગત ગીત દ્વારા કરવામાં આવી અને હાજર રહેલા મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામા આવ્યુ હતું.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) ડો.હેમંતભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન તથા કાર્યક્રમ સંબંધી માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજય સરકાર પ્રેરીતના કાર્યક્રમ છેલ્લા ૧૫ વર્ષથી સુરત મહાનગરપાલિકા દ્વારા અમલમાં લાવવામાં આવેલ છે, આ કાર્યક્રમ હેઠળ અનેક પ્રકારના ગંભીર રોગોની વિનામૂલ્યે સારવાર પૂરી પાડવામા આવે છે. ગત વર્ષે આ કાર્યક્રમ હેઠળ ૯,૬૨,૧૩૪ બાળકોની તપાસણી કરી ૨૭,૨૭૭ બાળકોને સારવાર આપવામાં આવેલ હતી, તેમજ ૩૦૦૧ જેટલા બાળકોને સંદર્ભે સેવા પૂરી પાડવામાં આવેલ છે. કુલ ૨૮૦ હૃદયની ખામી, ૩૭ કેન્સર, ૩૭ કીડની મળી ૩૫૪ જેટલા બાળકોને ઉચ્ચસારવાર માટે અમદાવાદ મોકલવામાં આવ્યા હતા. તેઓ દ્વારા આશીર્વાદ રૂપ આ કાર્યક્રમનો લાભ તેમજ કાર્યક્રમને સફળ બનાવવા તમામને અપલ કરવામાં આવી હતી.

આરોગ્ય સમિતિના અધ્યક્ષ અનિલભાઈ બિસ્કીટવાલાએ તેઓના ઉદબોધનમાં બાળકોને આરોગ્યપ્રદ જીવન માટે સ્વચ્છતા ઉપર ભાર મુકવા જણાવ્યું હતું. વ્યકિતગત સ્વચ્છતા અને ધાર્મિક ભાવનાઓ કેળવી આરોગ્ય પ્રદ ખોરાક દ્વારા સ્વસ્થ સમાજના નિર્માણનું આહવાન તેઓ દ્વારા કરવામાં આવ્યું હતુ. રાજય સરકાર અને ભારત સરકાર સહિત સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી આરોગ્ય લક્ષી કામગીરીને તેઓ દ્વારા બિરદાવવામાં આવી હતી.

ઋગ્ણાલય અને વૈદકીય રાહત સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર પાટીલ દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં શહેરના આશરે ૧૦ લાખ બાળકોને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવશે, તે બાબતને મોટી ઉપ્લબ્ધી ગણાવી સુરત મહાનગરપાલિકા દ્વારા ન.પ્રા.શાળાઓના તમામ બાળકોના વિના મૂલયે બ્લડ ગૃપ અને હેમોગ્લોબીન તપાસણીના કાર્યમની યાદ દેવડાવી હતી, સ્વસ્થ બાળ થકી સ્વસ્થ ભારતના નિર્માણની વાત કરી તેઓએ આ ભગીરથ કાર્ય બદલ આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી ડો.હેમંતભાઈ દેસાઈ સહિત આરોગ્યની સમગ્ર ટીમ, ઉપસ્થિત આંગણવાડીના કર્મીઓ, શાળાના શિક્ષકોને અભિનંદન આપ્તા હતા. સ્વસ્થ શરીર અને મન દ્વારા બાળકો ભવિષ્યમાં પ્રગતિ સાધી દેશના વિકાસમાં યોગદાન આપે તેવી શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમના અંતમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી કે.એ.શ્રોફ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, શિક્ષકો અને પ્રેસ અને મિડીયાના પ્રતિનિધીઓનો આભાર વ્યકત કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

ગેરકાયદેસર બાંધકામ દુર કાર્યાની વિગતઃ—

(૧) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૧,નાણાવટ,વડાચૌટા સુરત ખાતે આવેલ નોંધ નં.૩૫૨—અ,૩૫૨—બ વાળી મિલ્કત માં અત્રેથી તા. ૧૨/૦૩/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા પાંચમાં માળનું આશરે ૯૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી.સ્લેબ તથા છઠા માળે ઉભા કરેલ કોલમોનું સેન્ટરીંગ સહિતનું બાંધકામ તા.૧૩/૧૧/૧૪ ના રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધીસુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં ૩,નવાપુરા,કરવારોડ,સુરત ખાતે આવેલ નોંધ નં.૬૪૫,૬૪૬—અ,૬૪૬—બ,૬૪૭,૩૯૦ વાળી મિલ્કત માં અત્રેથી તા.૦૯/૧૧/૧૨ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ ,જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારોઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતાં ગ્રા.ફલોર પર પાર્કિંગ માં આશરે ૭૨૦ ચો.ફુટ માપ વિસ્તારમાં તથા ચોથા માળે આશરે ૨૨૫ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ તા. ૧૩/૧૧/૨૦૧૪ ના રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે.

# : પ્રેસ નોટ:

સુરત શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારને તળ–સુરત સાથે જોડતો મહત્વનો જીલાની બ્રીજનું કામ પ્રગતિમાં છે. સદરહુ બ્રીજ માટે ખુબ જ અગત્યની એવી સીદ્દીકી એપાર્ટમેન્ટથી ધનમોરા કોમ્પલેક્ષ સુધી રસ્તાની બંને તરફ લાઈનદોરી નિયત કરવામાં આવેલ. આજરોજ લાઈનદોરીના અમલરૂપે સીદ્દીકી એપાર્ટમેન્ટ, શિલ્પરાજ એપાર્ટમેન્ટ, ગંગાસાગર સોસાયટી, વિગેરે ૧૩ ફાયનલ પ્લોટોની મિલ્કતોની રસ્તારેખામાં આવતી જગ્યાઓનો કબ્જો લેવાની કાર્યવાહી ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ ધ્વારા ઝોન–કચેરી તેમજ અન્ય વિભાગો જેવા કે ડી.જી.વી.એલ., ગુજરાત ગેસ વિગેરેના સંકલનમાં રહી ડે.કમિશ્નર(પી. એન્ડ ડી.) શ્રી જે.એમ. પટેલ, એડી. સીટી ઈજનેરશ્રી કેતન પટેલ, શહેર વિકાસ અધિકારીશ્રી મનિષ ડોકટર અને ઝોનલ અધિકારીશ્રી ડી. એમ. જરીવાલાના રાહબરી અને માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલ. સદરહુ કામગીરીમાં ભાગરૂપે ૪૪ મિલ્કતદારોને નોટીસ આપી આશરે ૮૦૦ ફુટ જેટલી લંબાઈમાં કંપાઉન્ડ વોલ દુર કરી આશરે ૧૯,૦૦૦ ચો.ફુટ જેટલી જગ્યાનો કબ્જો મેળવી રસ્તામાં આમેજ કરી દેવામાં આવેલ છે. આ લાઈનદોરીનો અમલ થવાથી સુરત શહેર માટે અતિ મહત્વનો જીલાની બ્રીજનો પ્રોજેકટ ઝડપથી સાકાર કરી શકાશે.

TOP

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા), ફા.પ્લોટ નં.૯૯ પૈકી માં આવેલ સાંઈ ઈન્ડ. ના પ્લોટ નં. ૧૬ થી ૧૮ માં ત્રીજામાળ પર મિલ્કતદાર તરફથી કરવામાં આવેલ આશરે ૪૫'×૭૫' ના માપવિસ્તારમાં એન્ગલ પતરાનો શેડ બનાવવામાં આવેલ. સદરહુ બાંધકામ તા.૧૩/૧૧/૧૪ ના રોજ અત્રેના ઝોનના ટેકનીકલ સ્ટાફ, દબાણ સ્ટાફ તેમજ ખાનગી કોન્ટ્રાન્કટરોના માણસો મારફત ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ મિલ્કતદાર પાસેથી ૫૦૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ.

TOP

# પ્રેસનોટ

કતારગામ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પટેલવાડી–ર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૨૫, અટલજી નગર(એસ.ઈ.બી.સી.) ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧ર, અટલજી નગર(ડી.સી.) ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦ર, તળાવ ફળિયું ઉત્રાણ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, જુનુ રાજીવનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, નાસીરનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, રાજીવનગર અમરોલી ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, રાજીવનગર(જી.આઈ.ડી.સી.) ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, ઉત્કલનગર(જી.આઈ.ડી.સી.) ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦ર, સંજયનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦ર લાભાર્થીઓ મળી કુલ–૪૮ લાભાર્થીઓને ટી.પી.૭(વેસુ), ફા.પ્લોટ નં. ૧૨૫(૧૯ લાભાર્થીઓને), વડોદ રે.સ. નં. ૧ર(૦ર લાભાર્થીઓને), ટી.પી.૫૪(ભેસ્તાન), ફા.પ્લોટ નં. ૧/એ (૦ર લાભાર્થીઓને), ટી.પી.૬૯(ગોડાદરા–ડીંડોલી), ફા.પ્લોટ નં. ૧૮૩ (૦૧ લાભાર્થીને) તથા ટી.પી.૩૧(અડાજણ), ફા.પ્લોટ નં. ૧૯૧ (ર૪ લાભાર્થીઓ) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૩.૧૧.ર૦૧૪ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે કતારગામ ઝોન ઓફિસ ખાતે કતારગામ ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતી મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિસ્તમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૪૦૦/— વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૬૭૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૨૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૬ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા. ૫૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા. ૨૮,૮૬,૦૨૦/—** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૧૮,૮૧,૭૭૨/—** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૫ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૨૨,૨૬,૪૪૪/—** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૨૧,૨૦૦/—** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા. ૧૪/૧૧/૨૦૧૪

## ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર – નવાગામ) તથા ટી.પી.સ્કીમ નં.૨૦ (નાનાવરાછા– કપાદ્રા) ડમોલીશન/કબજા મેળવવાની કામગીરી.

ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર – નવાગામ), માં સુરત મહાનગરપાલિકાની માલિકીનાં ફા.પ્લોટ નં.૧૩૬/એ પૈકીમાં જાડા બાવાના નામે ઉભી થયેલ વર્ષો જુની વસાહતને વૈકલ્પિક આવાસો ફાળવી તેઓનું સ્થળાંતર કરાવી, ડિમોલીશન કરીને આશરે– ૧૩૦૦ ચો.ફુટ વિસ્તારનો કબજો મેળવેલ છે.

ટી.પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા) ખાતે તાપી કિનારે આવેલ સરકારી જમીન સ્થિત જુની ટાંકીપાળ વસાહતનાં ૭–(સાત) ઝુંપડાઓને વૈકલ્પિક આવાશો ફાળવી, તોડીને દૂર કરી આશરે ૭૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારનો કબજો ખુલ્લો કરેલ છે.

ઉપરોકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોનના ઝોનલ ચીફશ્રીની તેમજ કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના કર્મચારી દ્વારા શાંતિપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

# <u>પ્રેસનોટ</u>

**"સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત મીશન ઈન એકશન"** અંતર્ગત રાખવામાં આવેલ કાર્યક્રમમાં માન. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, માન. કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે, માન. ચેરમેનશ્રી (હોસ્પીટલ કમિટિ) ડો. રવિન્દ્રભાઈ પાટીલ, સ્મીમેરના ડીનશ્રી ડો. કલ્પના દેસાઈ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. હેમંતભાઈ દેસાઈ, એડીશનલ સીટી ઈજનેરશ્રી એ.જી.ખાટીવાલા, સ્મીમેરના અધિકારીશ્રીઓ, કર્મચારીગણ, વિદ્યાર્થીગણ, સુરત ડાયમંડ એસોસીએશન, મુસ્કાન ગૃપ અને અક્ષયપાત્ર ફાઉન્ડેશન જેવી સેવાભાવી સંસ્થાઓના સ્વયંસેવકો સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે તા.૧૪/૧૧/૨૦૧૪ ના રોજ હાજર રહેલ. જેઓ પાસે માન. કમિશ્નરશ્રીએ સ્વચ્છતા અંગેના શપશ લેવડાવવામાં આવેલ. ત્યારબાદ સ્મીમેર કોલેજ/હોસ્પીટલ કેમ્પસમાં સાફસફાઈ કરાવવામાં આવેલ.

TOP

## <u>પ્રેસનોટ</u>

અઠવાલાઈન્સથી અડાજણને જોડતા કેબલ સ્ટે પ્રકારના પુલ બાંધવાનુ કામ ઈજારદાર ગેમન ઈન્ડીયા લી., મુંબઈને રૂા.૧૪૩.૪૬૭ કરોડના ટેન્ડર કોસ્ટથી સોપવામાં આવેલ હતું. સદર કામની સમયમર્યાદા ટેન્ડરની શરત મુજબ ૩૦ માસની હતી જે એપ્રિલ–૨૦૧૩ નાં રોજ પૂર્ણ થતી હતી.

ઉકત સમયમર્યાદા દરમ્યાન નદીના ૩૦૦ મીટરના કેબલ સ્ટેવાળા ભાગની કામગીરી એક યા અન્ય કારણોસર લાંબા સમયથી બાકી રહેતી હોવાથી જે ઝડપથી પુર્ણ કરવા માટે તથા જાહેર જનતાને જેમ બને તેમ વહેલાસર કેબલ સ્ટે બ્રીજની સુવિધા મળે એ આશયથી મા.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ મેસર્સ ગેમન ઈન્ડીયા લી., મુંબઈને ચર્ચા વિચારણા કરવા માટે તા.૦૬/૧૧/૨૦૧૪ ના રોજ બોલાવવામાં આવેલ તેમજ આ મીટીંગમાં નકકી થયા મુજબ ઈજારદારને આ પ્રોજેકટ બાકી રહેલ ટેસ્ટીંગ સહિતની કામગીરી મુજબ કયારે પુરો થશે તેતબકકાવારનું પ્લાનીગ સહિત ઈજારદારને તા.૧૪/૧૧/૨૦૧૪ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ.

જેના અનુસંધાનમાં આજ રોજ ફરીથી મેયરશ્રીની અધ્યક્ષતામાં મીટીગનું આયોજન કરવામાં આવેલ. સદર મીટીગમાં મેયરશ્રી ઉપરાંત ચેરમેનશ્રી સ્થાયી સમિતિ, મ્યુ.કમિશ્નરશ્રી, તથા મહાનગરપાલિકાના વિભાગીય વડાઓ હાજર રહેલ. ગેમન ઈન્ડીયા લી., મુંબઈ તરફેથી એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી એચ.વી.પરીખ, શ્રી વી.એન.હેગડે (બોર્ડ મેમ્બર), શ્રી જટકર (ડાયરેકટર), શ્રી વી.એસ.જોષી (ડે.પ્રોજેકટ મેનેજર) ચર્ચા વિચારણા કરવા માટે હાજર રહેલા.

ગેમન ઈન્ડીયા લી., મુંબઈના પ્રતિનિધી ધ્વારા લેખીત તથા મૌખિક રીતે ગત મીટીંગના મુદ્દાઓની તથા અન્ય મુદ્દાઓની નીચે જણાવ્યા મુજબની રજુઆત કરવામાં આવેલ હતી.

(૧) ઉપરોકત કામે બાકી રહેલ કેબલ સ્ટે બ્રીજની કામગીરી સંર્પૂણ પુરી કરવા તેઓએ કેટલીક શરતોને આધિન રીવાઈઝડ સમય મર્યાદા ઓગસ્ટ–૨૦૧૬ ની જણાવેલ છે. જે મુજબ તેઓએ કામના પ્રગતિના તબકકા મુજબનો સુચિત બાર ચાર્ટ રજુ કરેલ છે.

(૨) ગેમન ઈન્ડીયા લી., મુંબઈ ધ્વારા આપવામાં આવેલ રીવાઈઝ સમય મર્યાદા અનુસાર લંબાયેલ સમય મર્યાદા પેટે પ્રોલોંગેશન કોસ્ટના રૂા.૪૫.૦૦ કરોડ જેટલી વધારાની કોસ્ટ થશે એમ જણાવેલ છે.

(૩) ગેમન ઈન્ડીયા લી., મુંબઈ ધ્વારા સ્ટે કેબલના ટેસ્ટીંગ માટે ઈજારદાર ધ્વારા જણાવ્યા અનુસાર ૨૭ કેબલના સિસ્ટમ તથા ૯૧ કેબલના સિસ્ટમ ના ટેસ્ટીંગ વેવ કરવા માટે રજુઆત કરવામાં આવેલ હતી જે અત્રેથી નકારતા / માંગણી ગ્રાહય ન રાખતા, ઈજારદાર ધ્વારા ૨૭ કેબલના સિસ્ટમનું ટેસ્ટીંગ ઈ.એમ.પી.એ. લેબોરેટરી ઝયુરીક ખાતે માર્ચ–૨૦૧૫ માં તથા ૯૧ કેબલના સિસ્ટમ માટે સી.ટી.એલ લેબોરેટરી સિકાગો ખાતે જુલાઈ–૨૦૧૫ નું ટેન્ટેટીવ શીડયુલ રજુ કરેલ. સદર ટેન્ટેટીવ ટેસ્ટ શીડયુલ જે તે લેબોરેટીનું નહિ પરંતુ કેબલના સપ્લાય એજન્સી ટેન્સાસાઈ, ઈટાલી પાસેથી મેળવી મોકલેલ છે. ઉપરોકત બન્ને જે તે તારીખ લેબોરેટરી કાર્યરત થયાની તારીખ જણાવવામાં આવેલ છે. ત્યાર બાદ એક સપ્તાહ પછી ટેસ્ટીંગની તારીખ મળવાની શકયતા દર્શાવેલ છે.

(૪) ગેમન ઈન્ડીયા લી., મુંબઈ ધ્વારા જો ૨૭ કેબલના ટેસ્ટીંગ બાદ જ કામગીરી કરવાનું નકકી કરવામાં આવે તો તેઓએ પ્રોજેકટ કમ્પલીશન તારીખ ઓકટોબર–૨૦૧૬ સુધી લંબાવવાની રજુઆત કરેલ.

(૫) ગેમન ઈન્ડીયા લી., મુંબઈ ધ્વારા ટેન્ડરની શરતોની વિરૂધ્ધ તેઓને ૨૪ કલાક કામગીરી કરવાની પરવાનગી આપવામાં આવે તો તેઓ અનુક્રમે ઓગષ્ટ–૨૦૧૬ તથા ઓકટોબર–૨૦૧૬ સુધીમાં કામગીરી પૂર્ણ કરી શકે તેમ જણાવેલ છે.

ઉપરોકત તમામ વિગતો અંગે નિર્ણય લેવા સ્થાયી સમિતિ સત્તાધીશ હોય તેઓ પ્રતિ નિર્ણય લેવા માટે દરખાસ્ત રજુ કરવામાં આવશે.

TOP

૬૯૯

# પ્રેસનોટ

## પૂર્વ ઝોન (વરાછા)

## સુરત મહાનગરપાલિકા

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના સૂર્યપુર ગરનાળાથી ઉમિયા સર્કલ, ભવાની સર્કલ, ફુલ માર્કેટ, સૂર્યપુર ઈન્ડસ્ટ્રીઝ, કબુટેક્ષ મીલ, પટેલ નગર, અંજની ખાડી, સીતાનગર ચાર રસ્તા, હળપતીવાસ, દીપમાલાથી અંજની કન્ટેનર તથા નાલંદા વિધાલયથી નંદનવન થઈ હસ્તીનાપુર રોડ વિસ્તારમાં "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" કાર્યક્રમના ભાગરૂપે તા.૧૩ નવેમ્બર ૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં ધારાસભ્યશ્રી કુમારભાઈ કાનાણી, કોર્પોરેટરશ્રી કાન્તીભાઈ બલર, કોર્પોરેટર શ્રીમતિ દર્શના કોઠીયા ઉપસ્થિત રહયા હતા. આ અભિયાન દરમ્યાન કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાએ વિસ્તારનો રાઉન્ડ લઈ જરૂરી સુચનાઓ તથા માર્ગદર્શન આપેલ છે. આ અભિયાનમાં વરાછા ઝોનના આરોગ્ય વિભાગ, ઈજનેરી વિભાગ, ગુમાસ્તાધારા વિભાગ તથા આકારણી વિભાગના ૬૧ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૨૦૩ સફાઈ કામદાર બેલદાર મળી કામગીરી કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૨૧ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ ૦૩ આંગણવાડીઓની સફાઈ,૦૩ શૈક્ષણિક સંસ્થાની સફાઈ,૦૪ ધાર્મિક સ્થાનોની સફાઈ,બિન આરોગ્યપ્રદ શાકભાજી ૧૦ કિલો ગ્રામનો નાશ, ૦૨ ટ્રાફિક સર્કલની સફાઈ કરવામા આવી છે તથા રેસ્ટોરન્ટ ચેક કરી ૬ કિલો ગ્રામ અખાધ પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત કમ્પલેઈન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા મળેલ ૦૨ જેટલી સફાઈની ફરીયાદનો નિકાલ કરાવેલ છે. તેમજ ૩૫ કન્ટેનર સ્પોટ પર સફાઈ કરાવી જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે. વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ વિભાગ દ્વારા ૧૫૮૨ ઘરોમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે કરી કુલ ૦૯ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ. મચ્છરની ઉત્પતિ અટકાવવા ૦૩ બાંધકામો તેમજ રેસીડેન્સીયલ યુનિટોમાં ૨૪૯ પાણીની ટાંકીઓ ચેક કરવામાં આવી, ૬૭ સ્લાઈડ લેવાની કામગીરી તથા ૦૩ ઈસમોને નોટીસ આપવાની કામગીરી કરવામાં આવેલ તેમજ તેઓ પાસે રૂા.૯૫૫૦/– જેટલો વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. તથા ૧૪ કેરબા, ૦૨ ડબ્બા અન્ય ૧૦ વિગેરે નકામી વસ્તુઓનો નિકાલ કરાવવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉપરાંત દબાણ વિભાગ દ્વારા ૨૭–કેબીન ઉપાડવાની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ ૬૦ રનીંગ મીટર ડીવાડર રીપેરીંગની કામગીરી તથા ૬૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરવામાં આવેલ છે તથા ૩૦૦ વ્યકિતગત શૌચાલય બનાવવાની કામગીરી પુર્ણ કરેલ છે. આ ઝુંબેશમાં ઝોનના લાઈટ વિભાગ દ્વારા ૧૪ જંકશન બોક્ષ બંધ કર્યા, ૧૪ સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

આકરાણી વિભાગ દ્વારા રૂા.૨૯/– લાખ, પ્રોપર્ટી ટેક્ષ પેટે તથા રૂા.૧૬.૧૦/–લાખ, પ્રોફેશનલ ટેક્ષ પેટે વસુલ કરવામાં આવેલ છે.

સમગ્ર અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ૩૧ ઈસમોને નોટીસ આપવાની તથા ૮૦ ઈસમો પાસેથી રૂા.૧૫,૪૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી પૂર્વ(વરાછા) ઝોનના આરોગ્ય સ્ટાફ તથા ઈજનેરી સ્ટાફ તેમજ સાધન સામગ્રી સાથે કરવામાં આવેલ છે.

TOP